BAOU Education for All
॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# "ડો.બાબાસાહેબ આંબેડકર અને સામાજિક સમરસતા "

## ("Dr. BabaSaheb Ambedkar's And Social Harmony")

**Prof. Sandip Sanchala**

**(Gujarat Arts and Commerce college, (Evening), Ahmedabad)**

---

- ## પ્રાસ્તાવિક

ભારત દેશ સદીઓથી વિવિધતામાં એકતા અને તેમની વૈદિક સંસ્કૃતિ માટે વિશ્વભરમાં જાણીતો છે, તે બાબતનું એક ભારતીય હોવાના નાતે આપણે સૌને ગૌરવ છે અને રહેશે. પરંતુ આપણા ભૂતકાળની વાત કરીએ તો આઝાદી પહેલા અંગ્રેજોએ આપણા દેશ પર શાસન કરીને દેશના નાગરિકોને ગુલામી અવસ્થા અને શારીરિક અને માનસિક અત્યાચારના ભોગ બનાવ્યા હતા. એ બાબત આજે પણ આપણે ભૂલી શક્યા નથી પરંતુ એ બાબત પણ ના ભૂલવી જોઈએ કે અંગ્રેજો કરતા પણ વધારે જો આ જ દેશના નાગરિકોને કહેવાતી સવર્ણ જ્ઞાતિઓ દ્વારા જેને માનસિક અને શારીરિક રીતે વધારે યાતનાઓ આપી હોય અને ગુલામીનો અહેસાસ કરાવ્યો હોય તો તે છે અસ્પૃશ્યો. ભારતના ભવ્ય ભૂતકાળના વારસમાં એક કલંક સાબિત થયું હોય તો તે છે અસ્પૃશ્યતા. આ જ અશ્પૃશ્ય ગણાતી જ્ઞાતિમાં જન્મેલુ એક વિરલ વ્યક્તિત્વ એટલે વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતા દેશના બંધારણના ઘડવૈયા ડો.બાબા સાહેબ આંબેડકર. આજે એમની ૧૨૬મી જન્મજયંતી સમયે દેશ જયારે તેમને યાદ કરીને પુષ્પાંજલિ અર્પે તે બાબત ગૌરવશાળી છે પરંતુ આજે પણ વર્તમાન સમયમાં આંબેડકરના વિચારો અને તેમના કાર્યોની અત્યંત આવશ્યકતા ઉભી થઇ છે. એક સામાન્ય ગણાતા પરીવારમાં પિતા રામજીભાઈ અને માતા ભીમાબાઈની કૂખેથી ૧૪ અપ્રિલ ૧૮૯૧ ના રોજ મધ્યપ્રદેશની મહુ છાવણીમાં આંબેડકરનો જન્મ થયો. પિતા વ્યવસાયે ભારતીય લશ્કરમાં સુબેદાર હતા. બાળ ભીમને પિતાએ બાળપણમાં જ ધાર્મિક સંસ્કારો આપ્યા હતા.જેનો તેના સમગ્ર જીવન ઉપર ઊંડો પ્રભાવ રહ્યો હતો, આંબેડકરના જીવન ઘડતરમાં માતા પિતાએ આપેલા ઉચ્ચ સંસ્કારો જ હતા.આંબેડકરનો પરિવાર ધનવાન નહોતો પરંતુ તેમના ઘરનું વાતાવરણ કોઈ સુશિક્ષિત અને પ્રગતિશીલ ઘરને શોભે તેવું હતું. માતા પિતા દ્વારા નાનપણમાં જ ઉચ્ચ અભ્યાસ અને ચારિત્ર્ય ઘડતરનું ઉચ્ચ સંસ્કરણ થયેલું પોતે મહાર ગણાતી અછૂત જ્ઞાતિમાં જન્મેલા હોવાથી આંબેડકરને અશ્પૃશ્યતાના ખુબ જ કડવા અનુભવ હતા,આંબેડકર ૫ વર્ષના હતા ત્યારેજ તેમની માતાનું અવસાન થયું હતું. માતાના અવસાન બાદ જયારે તેમનો સમગ્ર પરિવાર સતારામાં રહેતો હતો ત્યારે સતારામાં તેઓને અસ્પૃશ્યતાના કડવા અનુભવ થયા હતા. તેઓના વાળ કાપવા માટે કોઈ તૈયાર ન હતું. તેમના મોટા બહેને તેમને ચબૂતરે બેસાડીને

તેમના વાળ કાપ્યા હતા.બાબા સાહેબને નાનપણમાં જ આવા કેટલાય  કડવા અનુભવ થયા હતા. અસ્પૃશ્યતા, જાતિવાદ અને વર્ણવ્યવસ્થાએ નાનપણમાં જ અંદરથી ખુબ જ અશાંત કરી મુક્યા હતા. જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ તેઓ શિક્ષણ મેળવતા ગયા. સમજણ આવતા જ તેમણે વર્ણવ્યવસ્થા વિશેના પોતાના વિચારોને વધારે વેગ આપ્યો. અશ્પૃશ્યતાને જન્મ આપનાર હિંદુ  સમાજ તેની સમાજ રચના અને હિંદુ ધર્મના શાસ્ત્રો અને તત્વજ્ઞાનનું ઊંડું અધ્યયન કર્યું અંતે હિંદુ ધર્મ અને હિંદુ સમાજ વ્યવસ્થાનો તેમને ત્યાગ કર્યો અને બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો હતો. તેમના બૌદ્ધ ધર્મ અંગેના વિચારો ઉમદા તેમજ પ્રેરણાદાયી હતા. તેઓ માનતા હતા કે દરેક વ્યક્તિએ પોતાના જીવનનું તત્વજ્ઞાન મતલબ કે ધ્યેય ચોક્કસ હોવું જોઈએ. તેમના મતે તત્વજ્ઞાન કે ધ્યેયના માપદંડથી જ વ્યક્તિએ જીવનમાં કેટલું સારૂં કર્યું  કે કેટલું ખોટું કર્યું તેનું આંકલન કરી શકાય છે અને તેમાં જો કોઇપણ પ્રકારની ભૂલ થાય તો આપણે તેને સુધારવા માટે સજ્જ થઇ શકાય તેઓ દઢપણે એવું કહેતા કે મારા જીવનવિષયકનું  તત્વજ્ઞાન મેં નક્કી કર્યું છે. તેમણે પોતાના આ તત્વજ્ઞાનને સ્વાતંત્ર્ય, સમતા અને બંધુતામાં જ એમનું તત્વજ્ઞાન સમાવી દીધું હતું. તેઓ કહેતા કે મારા આ તત્વજ્ઞાનનું મૂળ રાજકારણ નહિ પણ ધર્મને છે અને આ તત્વજ્ઞાન તેમને ભગવાન બુદ્ધના તત્વજ્ઞાનમાંથી લીધું હતું.

સામાજિક સમરસતા એ વર્તમાન સમયની માંગ છે. ડૉ.આંબેડકરની વિચારધારા સંગઠિત બનો, સંઘર્ષ કરો અને શિક્ષિત બનો એ સૂત્રને વ્યવહારમાં અમલી બનાવવામાં આવે તો જ સમાજમાં સમરસતાનો વિકાસ કરી શકાય. ડૉ.આંબેડકરનું એક સ્વપ્ન હતું કે ભારત જ્ઞાતિ –જાતિના ભેદભાવોમાંથી બહાર આવે અને સમાજરચના જ્ઞાતિવિહીન બને અનો અર્થ એમ થયો કે સમાજમાં એકતા સમરસતા સ્થપાય.

- **સંશોધનનો હેતુ**

  1. ડૉ.આંબેડકરના સામાજિક સમરસતા અંગેના વિચારોનો અભ્યાસ કરવો.
  2. ડૉ.આંબેડકરના સામાજિક સમરસતા અંગેના કાર્યોનો અભ્યાસ કરવો.

- **અભ્યાસ પધ્ધતિ**

  પ્રસ્તુત સંશોધન પેપરમાં ઐતિહાસિક પધ્ધતિ દ્વારા ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે જેમાં દસ્તાવેજી સ્રોતના ઉપયોગ  દ્વારા માહિતી મેળવવામાં આવી છે.

- **સામાજિક સમરસતાનો અર્થ**

  સભ્યતા અને સંસ્કૃતિની અજોડ મિસાલ એટલે ભારત હજારો વર્ષથી અનેક સંઘર્ષો અને આફતોનો સામનો કરીને પણ પોતાની સમાજવ્યવસ્થા જાળવી રાખી છે તેમજ તેમાંથી માનવજાતનો કલ્યાણ અને સારૂં કરવાનો માર્ગ હંમેશા શોધતો રહ્યો છે. એ દેશમાં પ્રદેશવાદ, જ્ઞાતિવાદ, પ્રાંતવાદ, ભાષાવાદ, સંપ્રદાયવાદ જેવા અનેક તાણાવાણાઓમાં અટવાયેલું સમાજજીવન જ્યાં સુધી એકમત, એકરસ- સમરસ  નહિ થાય ત્યાં સુધી ડો. આંબેડકરે જોયેલા જ્ઞાતિ વિહીન સમાજરચનાનું સ્વપ્ન  તેમજ તે અંગેના પ્રયત્નો કરવા નિરર્થક બનશે. વર્તમાન

સમયમાં આજે ઉપરોક્ત સમસ્યાઓમાંથી મુકત થઇ સમાજમાં ઘર કર ગયેલી ઉચ-નીચ, જ્ઞાતિ-જાતિ-ધર્મ-કોમ આ બધાના ભેદભાવોથી ઉપર ઉઠીને જો દેશ અને સમાજનો વિકાસ સાધવો હોય તે માટે સામાજિક સમરસતા જ આવનારા સમયમાં ઉધ્ધારક બનશે. સામાજિક સમરસતા એટલે સમભાવ અને મમભાવ.

સામાજિક સમરસતા એટલે એક અસ્પૃશ્ય સમાજમાંથી આવનારો વ્યક્તિ ઉચ્ચ હોદ્દા પર બિરાજમાન થાય એના કરતા પણ વધુ એને ડોક્ટર બન્યા પછી  સમાજમાં અન્યની જેમ જ માન સન્માન મળે, આદર સત્કાર મળે પણ અહી તો સમાજમાં વ્યક્તિનું આંકલન તેના હોદ્દા કે શિક્ષણને આધારે નહિ પણ એ કયા સમાજમાંથી આવે છે એ કઈ જ્ઞાતિમાંથી આવે છે એ બાબત મહતવની માનવામાં આવે છે નહિ કે વ્યક્તિના સારા પાસાઓ. અહી પ્રશ્ન એ છે કે આ રીતે સ્થપાશે સમાજમાં સમરસતા ? સામાજિક સમરસતાની સાથે સાથે  મારાપણાનો ભાવ પણ પણ વ્યક્તિમાં પ્રગટે એ જરૂરી છે. સમાજમાં સમભાવ સાથે મમભાવ જોડી સામાજિક સમરસતા સ્થાપવી એ નૈતિક ફરજ છે.

- **ડો. બાબાસાહેબ આંબેડકરના સામાજિક સમરસતા વિષયક વિચારો.**

### 1. સમર્પણની ભાવના અને મહાનુભાવો

દેશમાં ઉચ્ચા હોદ્દા પર અનેક મહાનુભાવો આવ્યા જેમાં વડાપ્રધાન અને રાષ્ટ્રપતિ સર્વોચ સ્થાન છે, ગાંધીજીને દેશએ રાષ્ટ્રપિતાનું બિરુદ આપ્યું એ ક્યારેય ચુંટણી લડ્યા ન હતા કે ના તો રાષ્ટ્રપતિના પદ માટે દાવેદારી કરી પણ એમને આવા એકપણ હોદ્દાના મોહમાયા વિના પોતાના જીવનના અંતિમ શ્વાસ સુધી સમાજમાં સામાજિક સમરસતા સ્થપાય એ દિશામાં પ્રયત્ન કરતા રહ્યા આ છે મહાનુભાવોની સમાજ માટેનું સમર્પિત જીવન એ જ રીતે આંબેડકરે પણ વિદેશી ધરતી ઉપર ડીગ્રીઓ મેળવી અને એ ડીગ્રીના આધારે વિદેશમાં જ સ્થાયી થઇને ધન કમાઈ શક્યા હોત પરંતુ એમ કરવાના બદલે તેમણે એમ કહ્યું કે હું દેશવાસીઓની સેવા માટે મારું જીવન ખપાવી દઈશ આ ભાવનામાં તેના સ્વની સમાજની ચિંતા હતી.  દેશ આઝાદ થયો અને નેહરુના શાસનમાં તેઓ કાયદાપ્રધાન બન્યા પણ તેમના હ્રદયમાં સમાજની અખંડીતતાની સરવેણી વહેતી હતી તેઓ પદનો ત્યાગ કરી સમાજમાં સામજિક સમરસતા માટેના પ્રયાસોમાં વળગી રહ્યા ત્યાગ અને સમર્પણની ભાવના આવા મહાપુરુષોના જીવનમાં જ જોવા મળતી હોય છે જે તેમના કથની અને કરણી બંનેમાં એકસુત્રતા જોવા મળતી હોય છે.

## 2. સામાજિક સમરસતા માટેનો સંઘર્ષ અને ગુજરાતનું યોગદાન

ડૉ.આંબેડકરના જીવનમાં તેમણે કરેલા સંઘર્ષમાં ગુજરાતનું પણ યોગદાન રહેલું છે. વડોદરાના મહારાજ સયાજીરાવ ગાયકવાડ દ્વારા આપવામાં આવેલી શિષ્યવૃત્તિથી તેઓ ઉચ્ચ અભ્યાસ કર્યો અને પછી તેઓ વડોદરામાં જ રહ્યા સામાજિક સમરસતામાં ગાયકવાડનું મુલ્ય સમજવું ખુબ જરૂરી છે, એ સમયે વડોદરામાં નરરત્નોની જરૂર હતી અને એ નરરત્નો પૈકી એક હતા આંબેડકર. આંબેડકર વડોદરા રાજ્યની વહીવટી સેવામાં આવ્યા અને તેમને કડવા અનુભવો વડોદરાની ધરતી પર થયા એ જ બધી ઘટનાઓએ એમના મનમાં સામાજિક સમરસતા માટેના સંઘર્ષના બીજ વાવ્યા.

આ બધી ઘટનાઓ પરથી એ જાણી ગયા હતા કે અસ્પૃશ્ય સમાજમાંથી આવનારી વ્યક્તિ સમાજમાં ગમે તેટલી લાયકાત અને યોગ્યતા પ્રાપ્ત કરે તો પણ એ અસ્પૃશ્ય જ રહેવાનો. શાહુ મહારાજના સહયોગથી "મુક્નાયક" નામનું પાક્ષિક શરૂ કરીને ભારતની સામાજિક સ્થિતિને વાચા આપી તેમના મતે ભારત સ્વતંત્ર થઇ જવા થી બધા જ પ્રશ્નો હલ થઇ જશે એ માનવું ભૂલ ભરેલું છે, ભારતને એવું રાજ્ય બનાવવું જોઈએ કે પ્રત્યેક નાગરિકને સમાન આર્થિક, રાજકીય, ધાર્મિક હક્ક હોય અને પોતાના વિકાસ માટે દરેક નાગરિકને તક મળે. અંગ્રેજ શાશન સામે કરવામાં આવેલા આક્ષેપો સમરસતા માટેની પહેલ ગણી શકાય.

## 3. આચાર અને વિચાર અને પ્રદાન

ડૉ. આંબેડકરે સમાજમાંથી અસ્પૃશ્યતા નાબુદ થાય અને અસ્પૃશ્યોનો ઉદ્ધાર થાય એ માટે પોતે વકીલાત કરવાનું વિચાર્યું. ૧૯૨૩માં વકીલાતની પ્રેક્ટીસ શરુ કરી. આંબેડકરની વકીલાત તરીકેની કામગીરીને નામના મળતા અનેક ગરીબો તેમની ફરિયાદો લઈને આંબેડકરને મળવા આવતા. આંબેડકર ગરીબોનું કામ એકપણ રૂપિયાની ફી લીધા વિના કરતા હતા. સામાજિક સમરસતા માટેની આંબેડકરની વ્યક્તિત્વની  છાપ સમાજમાં અસર કરતી થઇ ગઈ. એ સમયે અસ્પૃશ્યો માટે તળાવો, પરબો કુવાઓ પર પાણી ભરવાનો અને પીવા પર પ્રતિબંધો હતા. ૨૦ માર્ચ ૧૯૨૭ના દિવસે ચવદાર તળાવનું પાણી પીધું અને પોતાનો નાગરિક માનવીય અધિકાર અમલમાં લાવ્યા. વિષમતાની આ અમાનુષી રૂઢી નાબુદ કરીને સમાજમાં સામજિક સમરસતા સ્થાપવા પ્રયાસ કર્યા. આ કામ નાનું ના ગણી શકાય એ સમયની સમાજમાં અસ્પૃશ્યો સાથે થયેલા ભેદભાવો અને અત્યાચારો વચ્ચે સામાજિક સમરસતા સ્થાપવાના પ્રયત્નો સંઘર્ષપૂર્ણ અને કઠિનાઈભર્યા રહ્યા હતા. આંબેડકર સ્પષ્ટ માનતા હતા કે ઝગડો તત્વ સાથે છે કોઈ વ્યક્તિ કે જ્ઞાતિ સાથે નથી.

- **ડો. બાબાસાહેબ આંબેડકરે  સામાજિક સમરસતા સ્થાપવા કરેલા કાર્યો અને પ્રયાસો**

1. **બહિષ્કૃત હિતકારિણી સભા.**

ઈ.સ.૧૯૨૫માં આંબેડકરે મુંબઈમાં બહિષ્કૃત હિતકારિણી સભાની સ્થાપના કરી જેમનો મુખ્ય હેતુ સામાજિક સમરસતા સ્થાપવાનો હતો. રાજનૈતિક અધિકારો અને હકો માટે સાયમન કમીશન સામે પોતાની દલીલ રજુ કરતા કહ્યું કે બધાને મતદાનનો અધિકારમળવો જોઈએ. આ બાબત પાછળ એમનો ઉદેશએ હતો કે અશ્પૃશ્યો અને પછાત જાતિઓને રાજનૈતિક હક્કો મળે એમનામાં રાજકીય જાગૃતિ આવે, તેમનામાં પણ સ્વમાન અને આત્મ સન્માનની ભાવના જાગૃત થાય. આંબેડકરે અશ્પૃશ્યો માટે સ્વતંત્ર સંગઠનની  સ્થાપના કરી સમાજમાં સામાજિક સમરસતાનો વ્યાપ વધે એ માટે સતત પ્રયત્નશીલ રહ્યા.

2. **સમાજ સમતા સંઘ**

ડૉ. આંબેડકરે ૧૯૨૭માં પોતાના મિત્રોના સહકારથી "સમાજ સમતા સંઘ" શરૂ કર્યો.  સૌ માણસો સમાન છે એ આ  સમાજનો મુખ્ય  ઉદેશ્ય હતો. માનવીઓના વિકાસ માટેની તકો અને સાધનો પર દરેક માનવીઓઓ સમાન અધિકાર છે, સમાનતાનો અધિકાર પવિત્ર અને અબાધ્ય છે પરંતુ કેટલાક લોકોનો આક્ષેપ હતો કે સમાજમાંથી વિષમતા ક્યારેય દુર નહિ થાય પણ તેઓએ સમજાવ્યું કે સર્વ સમાજમાં સર્વ કાળે અનીતિ વ્યાપ્ત હોય છે તો પછી  સમાજમાં નીતિ સ્થાપવાના પ્રયાસો શા માટે કરવામાં આવે છે ?  સામાજિક સમતાનું તત્વ એ સમાજની સ્થિરતા માટે કોઇપણ ઈમારતના પાયા જેટલું મહત્વ ધરાવે છે. આંબેડકરને સંપૂર્ણ શ્રદ્ધા હતી કે નીતિના મક્કમ પાયા પર સમાજની રચના કરવી જોઈએ. સમાજના પર્ત્યેક  ઘટક માટે ધાર્મિક, સામાજિક, આર્થિક અને રાજકીય ક્ષેત્રમાં સમતાનું તત્વ લાગુ કરવું જોઈએ.   ઈ.સ.૧૯૩૨માં  ૧૪૪ સંસ્થાઓ વતી ડૉ. આંબેડકરને સન્માનપત્ર આપવામાં આવ્યો જેમાં લખ્યું હતું કે " **સમતાનો દરરજો અને સમાન  વર્તાવ પરનો અમારો અધિકાર આપે પૂર્ણપણે સિદ્ધ કર્યો છે"**  આ બાબત દર્શાવે છે કે આંબેડકર સમાજમાં ખરા અર્થમાં મસીહા સાબિત થયા.

3. **સ્વતંત્ર મજદૂર પક્ષ**

ઈ.સ.૧૯૩૬માં આંબેડકરે સ્વતંત્ર મજદૂર પક્ષની સ્થાપના કરી . જેમનો ઉદેશ્ય મજદૂર વર્ગમાં રાજકીય ચેતના જગાડવાનો હતો. તેમણે **સ્વતંત્ર મજદૂર પક્ષના** માધ્યમ થકી દલિતોના શોષણના પ્રશ્નોનો મુંબઈ વિધાનસભા તેમજ સમાજમાં માર્ગો પર સંઘર્ષ શરૂ કર્યો આ પક્ષના નેજા હેઠળ મુંબઈ મિલ કામદારના હક્કો માટેનું આંદોલન ચલાવ્યું વેતનદારી પ્રથાના વિરોધ માટે મુંબઈ વિધાનસભામાં કાયદો બનાવ્યો. ડો.આંબેડકરનો સિધાંત એ છે કે જાતિનું વિભાજન શ્રમનું વિભાજન નહિ પણ શ્રમિકોનું વિભાજન છે. પછાત જાતિઓ પર કેટલાક વ્યવસાયો લાદવામાં આવ્યા છે તો

કેટલીક જાતિઓએ પોતાના ગુજારા માટે કેટલાક વ્યવસાયો અપનાવ્યા. પછાત જાતિઓનો વ્યવસાય નિમ્ન અને પ્રતિષ્ઠાહિન્ન ગણવામાં આવે છે, સમાજમાં જાતિ આધારિત વ્યવસાયોનો સખત વિરોધ કર્યો અને કહ્યું કે દરેક વ્યક્તિને પોતાનો વ્યવસાય પસંદગીનો અધિકાર છે. સમાજમાં સમતા અને સમરસતા સ્થાપવાનો તેમનો આ સિધાંત મહત્વનો ગણાય છે.

- ## સારાંશ

સામાજિક સમરસતા એ વર્તમાન સમયની માંગ છે. ડૉ.આંબેડકરની વિચારધારા સંગઠિત બનો, સંઘર્ષ કરો અને શિક્ષિત બનો એ સૂત્રને વ્યવહારમાં અમલી બનાવવામાં આવે તો જ સમાજમાં સમરસતાનો વિકાસ કરી શકાય ડૉ.આંબેડકરનું એક સ્વપ્ન હતું કે ભારત જ્ઞાતિ –જાતિના ભેદભાવોમાંથી બહાર આવે અને સમાજરચના જ્ઞાતિ વિહીન બને અનો અર્થ એમ થયો કે સમાજમાં એકતા સમરસતા સ્થપાય. સામાજિક સમરસતા માટે વ્યક્તિના અધિકારો કરતા ફરજોને વધુ બળ આપવું જોઈએ.સ્વ કરતા સમષ્ટિનો વધુ વિચાર કરવો જોઈએ. પ્રેમ અને સદભાવનાના આધારે જ સમરસ સમાજની સંભાવના શક્ય છે.

- ## **સંદર્ભ**


1. B. L. MEHARADA. *AMABEDAKAR AUR SAMAJIK NYAY*. JAIPAUR: RAWAT,
2. d.c.vyas. *Ambedkar His Life and vission*.
3. Dr.ramesh makwana. *baba saheb ambedkar jivan ane kavan*. ahmedabad: pashw, .
4. mahesh ambedkar. *aadhunik bharatna niramata baba saheb amabedkar*. Dimond,
5. makawana, kishor. *samajik krantina mahanayak dr.Babasaheb ambedakar* . ahmedabad: savendana , 2015 .
6. P.G. JYOTIKAR. *AARSHDASHTA: DR.BABA SAHEB AMBEDKAR*. AHMEDABAD: YUNIVERSITY GRANTH NIRAMAN BOARD,
7. sunita tondon. *bhartiy rajnitik vicharak*. kohinoor publication, 2014.
8. Sahay Lalit K. (2010) Dr. B. R. Ambedkar : Man of Millennium. New Delhi : Mohit Publications.
9. Ambedkar, Bhimrao Ramji. *Annihilation of caste: The annotated critical edition*. Verso Books, 2014.
10. Keer, Dhananjay. *Dr. Ambedkar: life and mission*. Popular Prakashan, 1995.
11. Omvedt, Gail. *Dalits and the democratic revolution: Dr Ambedkar and the dalit movement in Colonial India*. SAGE Publications India, 1994.
12. Omvedt, Gail. *Dalit visions: The anti-caste movement and the construction of an Indian identity*. Orient Blackswan, 2006.
13. Narayanrao J. S. and Others (Ed.) (2002) B. R. Ambedkar His relevance Today. New Delhi : Gyan Publishing House.
14. Ravindrakumar & Kamleshkumar (2007) Voice of Babasaheb Ambedkar, New Delhi : Gyan publishing house.